<u>સ્પે.દી.મુ.ન.૦૪/૨૦૨૫</u>

મોડાસાના મહે. એડી સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,

અરવલ્લી @ મોડાસા.

<u>:: આંક:૫ લગત હુકમ ::</u>

(૧) વાદીની વચગાળાની અરજીની ટુંકમાં વિગત:–

(૧.૧)વાદીએ દાવામાં સમાવિષ્ટ વિષય વસ્તુ સંબંધે પ્રતિવાદીઓ વિરુધ્ધ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ માટેનો હાલનો દાવો દાખલ કરેલ છે અને દાવાની સાથે હાલની આ અરજી દાખલ કરી પ્રતિવાદીઓ વિરુધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા સબબની દાદ માંગેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧.૨) વાદીની આંક:પની કામચલાઉ મનાઈ હુકમની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદી નં.૯ વાદી નં.૧ના પતિ તથા નં.૨,૩ ના પિતા છે તેઓનો પણ નીચે જણાવેલ વાદગ્રસ્ત જમીનમાં વાદી જેટલો જ હક્ક અને હિત છે તેમજ તેઓ પણ વાદગ્રસ્ત જમીનના સંયુક્ત માલિક છે. તેઓ બહાર હોઈ દાવામાં સહી કરવા હાજર રહી શકે તેમ ન હોઈ, આ દાવાને ટેકનીકલ બાધ નડે નહિ તેથી તેઓને આ દાવા અરજીના કામે ફોર્મલ પક્ષકાર પ્રતિવાદી નં.૯ તરીકે

જોડેલ છે તથા તેમના વિરુદ્ધ કોઈ દાદ માંગેલ નથી. આ કામના પ્રતિવાદી નં.૧ વાદી નં.૧ ના દિયર તથા નં.૨ તથા નં.૩ ના કાકા થાય છે. પ્રતિવાદી નં.૨ તથા નં.૩ વાદી નં.૧ ની નણંદો તથા નં.૨, ૩ ની ફોઈઓ છે. વાદી નં.૪ તથા નં.૫ અનુક્રમે વાદી નં.૧ ના સસરા અને સાસુ તથા વાદી નં.૨ તથા નં.૩ ના દાદા–દાદી છે. પ્રતિવાદી નં.૬ થી નં.૮ નીચે જણાવેલ દાવાવાળી જમીન વેચાણ રાખનારાઓ છે.

(૧.૩)મોજે ઈંટાડી, તા.મોડાસા જી.અરવલ્લીની સીમના સ.નં.૨૦૩ (જેનો જુનો સ.નં.૪૯૨) વાળી જમીનનું ક્ષેત્રફળ ૯–૬૮–૬૨ હે.આરે.ચો.મીની જમીન મૂળ વાદીઓના વડવા ભીમજીભાઈ કરશનભાઈ પટેલની હતી. તેમણે તેમની હયાતીમાં તેમના દીકરા પ્રતિવાદી નં.૪ સવજીભાઈ ભીમજીભાઈ પટેલ (૨) શામજીભાઈ ભીમજીભાઈ પટેલ (૩) શાન્તીલાલ ભીમજીભાઈ પટેલના નામો વહેચણી નોધ નં.૬૧૩ તા.૧૧/૦૩/૮૬થી સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડે વાદીઓના સસરા/દાદા વિગેરે નામો વહેચણીથી દાખલ કરાવેલ. ત્યારબાદ રી–સર્વે અમલમાં આવતા તેનો નવો સર્વે નં.૨૦૩ બનેલ અને તેમાં સવજીભાઈ ભીમજીભાઈ માટે રી–સર્વે નં.૨૦૩/૦૦૩ આવેલો અને બાકીના બે ભાઈઓ માટે રી–સર્વે નં.૨૦૩/૦૦૧, ૨૦૩/૦૦૨ અને ૨૦૩/૦૦૪ ની જમીન આવેલી છે. આમ, પ્રતિવાદી નં.૪ સદરહુ જમીનના કુલ માલિક સ્વત્રંત કબજેદાર બનેલ. અને આમ સદરહુ જમીન પ્રતિવાદી નં.૪ સવજીભાઈ ભીમજીભાઈ પટેલ કે જેઓ વાદીઓના સસરા/દાદા થાય છે તેમના સ્વતંત્ર નામે રેવન્યુ રેકર્ડે આવેલ અને આમ સદરહુ સર્વે નંબરની જમીન વાદીઓની વડીલોપાર્જીત જમીન છે. તે પછી સદરહુ જમીનમાં વાદીના સસરા/દાદા પ્રતિવાદી નં.૪ નાએ તેમની હયાતીમાં વાદીઓના પતિ/પિતા પ્રતિવાદી નં.૯, પ્રતિવાદી નં.૧ થી નં.૩ તથા પ્ર.વાદી નં.૫ ના નામો સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડે

દાખલ કરાવેલ. જેની અસર મોજે ઈટાડીના ગામ નમુના નં.૬ માં નોંધ નં.૩૫૧૭ તા.૧૩/૧૨/૨૦૨૩ થી આપવામાં આવેલ. પ્રતિવાદી નં.૨ તથા નં.૩ પરણાવી દીધેલ છે તથા તેમના સાસરે છે. તેઓ પેઢીનામામાં આવતા હોઈ પ્રતિવાદી નં.૨ અને નં.૩ તથા નં.૫ ના નામો રેવન્યુ રેકર્ડમાં પેઢીનામા આધારે આવેલ છે. હકીકતે સદરહુ જમીન વાદીઓના પતિ/પિતા તથા તેમના ભાઈઓ વચ્ચે કૌટુંબિક વહેચણી થતા સ.નં.૨૦૩/૦૦૩ વાળી જમીન પ્ર.વાદી નં.૪ ના હિસ્સે આવેલી. તે પછી પ્રતિવાદી નં.૧ થી નં.૫ નાઓએ એકબીજાના મેળાપીપણામાં વાદીઓના પતિ/પિતા સાથે છળકપટ કરી, ગેરસમજ ઉભી કરી, તેમના ભોળપણનો લાભ લઈ છેતરપિંડીથી વાદીના પતિ/પિતા પ્રતિવાદી નં.૯ તથા પ્રતિવાદી નં.૪, ૫ ના નામો સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડમાંથી કઢાવી નાખેલ. જે હકકમીની નોંધ મોજે ઈટાડી, તા.મોડાસાના ગામ નમુના નં.૬ માં નોંધ નં.૩૫૬૫; તા.૧૩/૦૫/૨૦૨૪થી પડેલ. જે નોંધ વાદીઓના હક હિત વિરુદ્ધની હોઈ, તે રદ કરાવવા રેવન્યુ કોર્ટમાં વાદીઓની કાર્યવાહી અરવલ્લી જીલ્લા કલેકટરશ્રીની કોર્ટમાં પેન્ડીંગ છે. ઉપરોક્ત નામ કાઢાવ્યા પછી આ કામના પ્રતિવાદી નં.૧ થી નં.૫ નાઓએ એકબીજાના મેળાપીપણામાં સદરહુ સર્વે નં.૨૦૩/૦૦૩ (જેનો જુનો સર્વે નં.૪૯૨) જેનો ૮-અ નો ખાતા નં.૬૬૨ છે તથા ક્ષેત્રફળ હે. ૦૪-૦૩-૦૦ હે.આરે.ચો.મી.પૈકી અડધી જમીન હે.૦૨-૩૭-૮૦ ની ગેરકાયદેસર રીતે તેમજ વાદીઓનો હક ડુબાડવાના બદઆશયથી વાદીઓના પતિ/પિતાને અંધારામાં રાખી, છળકપટથી તેમના ભોળપણનો લાભ લઈ પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓએ પ્રતિવાદી નં.૬ થી નં.૮ નાઓને મોડાસા સબ રજીસ્ટાર કચેરીના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૧૨૧/૨૦૨૫; તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ રૂ.૩૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બત્રીસ લાખ પુરાની ખોટી કિંમત બતાવી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ. જે વેચાણની

રેવન્યુ રેકર્ડે અસર મોજે ઇટાડી, તા.મોડાસાના ગામ નમુના નં.૬ માં નોધ નં.૩૬૩૪ થી આપવામાં આવેલ. જે ગેરકાયદેસર રીતે વેચાણ થયેલ સદરહુ સર્વે નં.૨૦૩/૦૦૩ (જેનો જુનો સર્વે નં.૪૯૨) ની જમીનના ખુંટચારનું વર્ણન નીચે મુજબ છે.

પૂર્વે :નાળિયું છોડી બ્લોક/સર્વે નં–૧૫૯ આવેલ છે.

પશ્ચિમે :બ્લોક/સર્વે નં–૨૦૩/૨ પૈકીની જમીન આવેલ છે.

ઉત્તરે :કિશોરપુરા–લીંભોઈ–મોડાસા રોડ આવેલ છે.

દક્ષીણે :બ્લોક/સર્વે નં–૨૦૩/૩ પૈકીની બાકીની જમીન આવેલ છે.

સદરહુ ખુંટચારના વર્ણન વચ્ચેની જમીનને હવે પછી આ દાવામાં "દાવાવાળી જમીન" તરીકે વર્ણવેલ છે.

(૧.૪)સદરહુ દાવાવાળી જમીન હે.૨–૩૭–૮૦ આરે.ચો.મી વાદીઓના પતિ/પિતા પ્રતિવાદી નં.૯ ના હિસ્સામાં આવેલ માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની વડીલોપાર્જીત જમીન છે. દાવાવાળી જમીનમાં વાદીઓનું તથા પ્રતિવાદી નં.૯ નું સરખું હક હિત આવેલ છે. કારણ કે સદરહુ જમીન વાદીઓની વડીલોપાર્જીત જમીન છે. ઉપરની વિગતે વાદીના પતિ/પિતાના ભોળપણનો લાભ લઇ, છળકપટથી, વાદીઓના હક હિત વિરુદ્ધ વાદીઓના પતિ/પિતાનું નામ સદરહુ સર્વે નં.૨૦૩/૦૦૩ વાળી જમીનમાંથી કમી કરાવી નાખવાની વાદીને જાણ થતાં વાદીએ હોબાળો કરતા તા.૦૯/૫/૨૦૨૪ ના રોજ ઘરમેળે વેચાણ દસ્તાવેજ સમજુતીનો કરાર વાદીના પતિ/પિતા તથા પ્રતિવાદીઓ વચ્ચે થયેલ. અને જમીનની કિંમત નક્કી કરવામાં આવેલ.

(૧.૫)તા.૦૯/૦૫/૨૦૨૪ના રોજ વાદીઓના પતિ/પિતા પ્રતિવાદી નં.૯ તથા પ્રતિવાદીઓ વચ્ચે થયેલ વેચાણ દસ્તાવેજ સમજૂતી કરાર મુજબ મોજે ઇટાડી, તા.મોડાસા જી.અરવલ્લીના સ.નં ૨૦૩/૦૦૩ પૈકી ક્ષેત્રફળ હે.૨–૩૭–૮૦ આરે.ચો.મીની વાદીઓના

પતિ/પિતાની હોવાનું પ્રતિવાદીએ કબુલ કરી, સદરહું સ.નં.૨૦૩/૦૦૩ પૈકી ની જમીનની એક વીઘાના રૂ.૧૪,૫૧,૦૦૦/- અંકે રૂપિયા ચૌદ લાખ એકાવન હજાર પુરા મળી કુલ કિંમત રૂ.૧,૪૪,૫૫,૧૦૦/- અંકે રૂપિયા એક કરોડ ચુમાલીસ લાખ પંચાવન હજાર સો પુરાની કિંમત કરી વેચાણ બાનાખત કરેલ. તથા મોજે ખડોદા, તા.મોડાસાના રવીપુરા ગામે આવેલ ઘર નં. ૫૦૭ વાળા ઘરની કિંમત રૂ.૬,૦૦,૦૦૦/- અંકે રૂપિયા છ લાખ પુરા મુજબ નક્કી કરી બંને ગામની મિલકતોની કિંમત રૂ.૧,૫૦,૫૫,૧૦૦/- અંકે રૂપિયા એક કરોડ પચાસ લાખ પંચાવન હજાર સો પુરા નક્કી કરેલ. જે રકમમાંથી વાદી નં.૧ ના સસરા/સાસુ પ્રતિવાદી નં.૪, ૫ ને રૂ.૪૦,૦૦,૦૦૦/- આપવાના હતા તથા બાકી રહેતી રકમ રૂ.૧,૧૦,૫૫,૧૦૦/- વાદીઓના પતિને લેવાની હતી જે રકમ પૈકી વાદીના પતિ પ્રતિવાદી નં.૯ ને રૂ.૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ મળેલ જ્યારે રૂ.૧૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બાર લાખ તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ ચેકથી તથા રૂ.૧૮,૨૦,૦૦૦/- અંકે રૂપિયા અઢાર લાખ વીસ હજાર તા.૦૯/૦૫/૨૦૨ ના રોજ રોકડા મળી કુલ રૂ.૩૨,૨૦,૦૦૦/- અંકે રૂપિયા બત્રીસ લાખ વીસ હજાર પુરા વાદીના પતિને વેચાણ અવેજની રકમ પેટે મળેલા. હજુ વાદીઓના પતિ/પિતાને રૂ.૭૮,૩૫,૧૦૦/- અંકે રૂપિયા ઈઠ્ઠોતેર લાખ પાંત્રીસ હજાર સો બાકી કરાર મુજબ પડે છે. તથા બાકી રકમ પૈકીની કેટલીક રકમના ચેક આપેલ છે. ઉપર જણાવેલ વિગતે વેચાણ અવેજની રકમ બાકી હોવા છતાં પ્રતિવાદી નં.૧ થી નં.૫ નાએ એકબીજાના મેળાપીપણામાં વાદીની જાણ બહાર તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ સદરહુ દાવવાળી જમીનની ખોટી કિંમત બતાવી પ્રતિવાદી નં.૬ થી નં.૮ નાને વેચાણ આપી દીધેલ છે. ત્યારથી આ કામના પ્રતિવાદી નં.૧ થી ૮ ના દાવાવાળી જમીનનો

પ્રત્યક્ષ કબજો છોડી દેવાની ધમકીઓ આપી રહેલ છે. તથા પ્રત્યક્ષ કબજો ન છોડીએ તો ખોટા તથા ગેરકાયદેસરના દસ્તાવેજ આધારે દાવાવાળી જમીનનો કબજો કાયદો હાથમાં લઇ પડાવી લઈશું તેવી સતત ધમકીઓ આપી રહેલ છે. જેથી મનાઈ હુકમની દાદ સહીત આ દાવો કરવાની જરૂરત ઉપસ્થિત થયેલ છે.

(૧.૬) આ મનાઈઅરજીનું કારણ

આ કામના પ્રતિવાદીનં.૧ થી નં.૫ નાએ એકબીજાના મેળાપીપણામાં મોજે ઇટાડી, તા.મોડાસાના સર્વે નં.૨૦૩/૦૦૩ ની જમીનમાંથી તેમના પતિ/પિતાના ભોળપણનો લાભલઇ છળકપટ તથા બદઈરાદાથી વાદીઓના હક હિત વિરુદ્ધ તથા તેમના પતિ/પિતાને માહિતગાર કર્યા સિવાઈ સદરહુ વાદીઓની વડીલોપાર્જીત મિલકતમાંથી તેમના પતિ/પિતાનું નામ કમી કરાવેલ ત્યારથી તથા તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ થયેલ વેચાણ દસ્તાવેજ સમજુતી કરાર મુજબનું વર્તન ન કરી વાદી તથા તેમના પતિ/પિતાને અંધારામાં રાખી તેમની જાણ બહાર તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ સર્વે નં.૨૦૩/૩ પૈકીની વાદીઓની વડીલો પાર્જીત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાએ પ્રતિવાદી નં.૬ થી નં.૮ નાને ગેરકાયદેસર કરી આપેલ ત્યારથી તથા વેચાણ અવેજની બાકી રકમ આપતા નથી ત્યારથી તે રોજબરોજ ના.કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

(૧.૭)વાદીઓનો પ્રાયમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓના લાભમાં છે. જો માગ્યા મુજબની દાદ મંજુર કરવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓના હકને કોઈ જાય તેમ નથી. પરંતુ માગ્યા મુજબની દાદ મંજુર કરવામાં ન આવે તો વાદીઓના હકને ભારે

અને પારાવાર નુકશાન જાય તેમ છે જેનો બદલો નાણાથી કે અન્ય રીતે વળી શકે તેમ નથી.

(૧.૮) જેથી વાદી દ્વારા આ મનાઈ અરજી લાવી દાદ માગવામાં આવેલ છે કે :–

(અ) મોજે ઇટાડી, તા.મોડાસા, જી.અરવલ્લીના સર્વે નં.૨૦૩/૦૦૩ (જેનો જુનો સ.નં.૪૯૨) જેનું ક્ષેત્રફળ હે.૪–૦૩–૦૦ આરે ચો.મી. પૈકીની દાવા અરજીના પેરા નં.૨ માં વર્ણવેલ ખુંટચારના વર્ણન વચ્ચેની દાવાવાળી ખેતીની જમીન ક્ષેત્રફળ હે.૨–૩૭–૮૦ આરે ચો.મીવાળી ખેતીની જમીનમાં વાદી તથા પ્રતિવાદી નં.૯ ને ભોગવટો કરતા તથા ખેતી ઉપજ લેતા આ કામના પ્રતિવાદી નં.૧ થી નં.૮ અટકાવે નહી તેમજ કોઈ અડચણ અવરોધ ઉભો કરે નહી તેમજ તેમા ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી સદરહુ જમીનનો પ્રત્યક્ષ કબજો કાયદો હાથમાં લઈ કાયદાની કાનૂની પ્રક્રિયા કર્યા સિવાઈ વાદીઓ પાસેથી લે–લેવડાવે નહી તેવો આ કામના પ્રતિવાદી નં.૧ થી નં.૮ વિરુદ્ધ આ દાવો ચાલે ત્યાં સુધી વચગાળાનો કામ ચલાઉ મનાઈહુકમ આપવા અરજી કરેલ છે.

(બ) મોજે ઇટાડી, તા.મોડાસા, જી.અરવલ્લીના સર્વે નં.૨૦૩/૦૦૩ (જેનો જુનો સ.નં.૪૯૨) જેનું ક્ષેત્રફળ હે.૪–૦૩–૦૦ આરે ચો.મી. પૈકીની દાવા અરજીના પેરા નં.૨ માં વર્ણવેલ ખુંટચારના વર્ણન વચ્ચેની દાવાવાળી ખેતીની જમીન ક્ષેત્રફળ હે.૨–૩૭–૮૦ આરે ચો.મીવાળી ખેતીની જમીન ઉપર ખોટા તથા ગેરકાયદેસરના વેચાણ દસ્તાવેજ આધારે આ કામના પ્રતિવાદી નં.૬ થી નં.૮ રેવન્યુ રેકર્ડમાં થયેલ ફેરફાર આધારે દાવાવાળી જમીન બોજામાં મૂકી સરકારી, અર્ધ સરકારી, સહકારી બેંકો તથા મંડળીઓમાંથી તેમજ ખાનગી વ્યક્તિ અથવા સંસ્થામાંથી લોન લે–લેવડાવે નહી તેમજ ખોટા રેવન્યુ રેકર્ડ

આધારે તથા ખોટા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે આ કામના પ્રતિવાદી નં.૬ થી નં.૮ નાઓ દાવાવાળી જમીન કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ અથવા કોઈપણ રીતે કોઈને તબદીલ કરે–કરાવે નહી તેવો આ દાવો ચાલે ત્યાં સુધી કામ ચલાઉ મનાઈહુકમ આપવા અરજ ગુજારેલ છે.

(ડ) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી નં.૧ થી નં.૮ પાસેથી અપાવવામા અરજ કરેલ છે.

(ઈ) દાવા અરજીના સંજોગો જોતાં ના.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તે બીજી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદી નં. ૧,૩,૪,૫,૭,૮નો વાદીઓના દાવા તથા મનાઈ અરજીનો આંક–૧૭થી લેખિત જવાબ રજૂ કરેલ છે જે નીચે મુજબ છે:–

(૨.૧) પ્રતિવાદીઓએ વાદીઓની મનાઈ અરજીની તમામ હકિકતોનો ઈનકાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, વાદીઓએ સ.નં–૨૦૩ ની જમીન બાબતે જણાવેલ હકીકત અંગે ખાસ તકરાર નથી, પરંતુ પ્રતિવાદી નં–૧ થી–૫ નાઓએ એકબીજાના મેલાપીપણામાં વાદીઓ અને પ્રતિવાદી નં–૯ સાથે છળકપટ કરી ગેરસમજ ઉભી કરી ભોળપણનો લાભ લઈ છેતરપીંડીથી પ્રતિવાદી નં–૯ તથા પ્રતિવાદી નં–૪, ૫ ના નામો જમીનના રેવન્યુ રેકર્ડમાંથી કઢાવી નાંખેલ હોવાની હકીકત ખોટી રીતે જણાવેલ છે. તેમજ હકક કમીની નોંધ નં –૩૫૬૫ તા. ૧૩/૦૫/૨૦૨૪ થી વાદીઓના હકક હિત વિરૂધ્ધનો હોવાનું પણ ખોટુ અર્થઘટન કરી જણાવેલ હોઈ અમોને કબુલ નથી. નોંધ નં–૩૫૬૫ પરત્વે વાદીઓ ધ્વારા તકરાર ઉપસ્થિત કરતાં નાયબ કલેકટરશ્રી મોડાસાની કોર્ટમાં તકરારી કેસ નંબર–

૧૦૨/૨૦૨૪ થી કેસ ચાલેલો જેનો ઠરાવ વાદીઓના વિરૂધ્ધમાં આવેલો જે હકીકત વાદીઓએ દાવા જણાવેલ નથી. ત્યારબાદ વાદીઓ અને પ્રતિવાદીવાદી નં–૧ થી–૫ તથા પ્રતિવાદી નં–૯ વચ્ચે મધ્યસ્થિઓ પડતાં કાયમી નિકાલ કરેલ જેનો સંમતિ લેખ આ કામના વાદીઓ તથા પ્રતિવાદી નં–૬ નાએ પ્રતિવાદી નં–૧ થી ૫ તરફેણમાં સ. નં ૨૦૩/૩ હકક કમીની નોંધ નં–૩૫૬૫ બાબતે સંમતિ લેખના પેરા–૭માં સ્પષ્ટ લખી આપેલ છે કે નોંધ નં ૩૫૬૫ પ્રતિવાદીઓ નં–૧ થી–૩ ની તરફેણમાં પ્રતિવાદી નં–૫ નાએ હકક કમી કરેલ હોઈ તેનો તથા તે બાબતની વાદીઓની તકરારો અને તકરારી કેસ નં ૧૦૨/૨૦૨૪ નો ચુકાદો સ્વીકારી લીધેલ છે. અને ત્યારબાદ સંમતિ લેખ તા. ૦૩/૧૨/૨૦૨૪ ના રોજ મોડાસા મુકામે કચ્છ કડવા પાટીદાર સમાજની વાડીએ મધ્યસ્થિઓ રૂબરૂ નોંધ નં – ૩૫૬૫ તેમજ અરસપરસ અન્ય જમીનો બાબતે વિગતવારનો સંમતિ લેખ નોટરીશ્રી એન. બી. પરમાર એડવોકેટ મોડાસાની રૂબરૂ સહી તથા ફોટા વિગેરે કાર્યવાહી કરી લખી આપેલ અને સ. નં –૨૦૩/૩ ની સમગ્ર જમીનના માલીક કબજેદારો આ કામના પ્રતિવાદી નં–૧ થી–૩ ના હોઈ જે જમીનમાં અમો લખી આપનારાઓનો એટલે કે વિવાદીઓ તથા પ્રતિવાદી નં–૯ કોઈ લાગભાગ હકક દાવો રહેતો નથી અને તે દિવસે વાદીઓને તથા પ્રતિવાદી નં–૯ ને આપાની બાકીની રકમ સાક્ષીઓ રૂબરૂ આપવામાં આવેલી પરંતુ સંમતિલેખમાં રકમનો ઉલ્લેખ કરવામાં આવેલ નહી કે પહોંચ લેવામાં આવેલ નહી અગાઉના સ. નં ૨૦૩/૩ પ્રતિવાદી નં–૯ ના ભાગની બાકી રકમ પેટે પ્રતિવાદી નં–૩ નાએ ભરસો ખાતર જે ચેક આપેલા તે તમામ ચેકો તા. ૦૩/૧૨/૨૦૨૪ ના સંમતિ લેખ કરાવતી વખતે અને બાકીની રકમ આપતાં અગાઉ કોરા ચેકો પ્રતિવાદીને પરત કરી દીધેલા જે ચેકોનો પ્રતિવાદીઓએ નાસ કરી દીધેલ છે. આ તમામ હકીકતો વાદીઓએ આપ નામદાર કોર્ટમાં છુપાવેલ છે.

(૨.૨) સ. નં ૨૦૩/૩ પરત્વે તથા અન્ય મિલકત સબંધે કોઈ તકરાર રહેલી નહી. નિકાલ કરવાનો રહેતો નથી કાયમી સંપૂર્ણ પણે સ્થાવર તેમજ જંગમ મિલકતનો નિકાલ કરી દીધેલ છે. લખી આપનારાઓ એટલે વાદીઓ તથા પ્રતિવાદી નં–૯ નો ભવિષ્યમાં પ્રતિવાદીનં–૧ થી–૫ પાસે કોઈપણ પ્રકારનો હકક દાવો ઉપસ્થિત કરવાનો નથી અને આ રીતે કુલ તેમજ ફાઈનલ સેટલમેન્ટ કરી નિકાલ કરેલ છે. જે એકબીજાના હિતોને ધ્યાનમાં રાખી દબાણ, ધાક ધમકી વગર સંમતિ લેખ લખી સહીઓ ફોટા લગાવી કરેલ છે. જેથી પણ વાદીઓ હવે આ સંમતિ લેખ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવા હકક અધિકાર ધરાવતા નથી.

(૨.૩) આમ, આ હકીકત હોવાછતાં વાદીઓએ દાવા તથા મનાઈ અરજીમાં છુપાવેલ છે અને ત્યારબાદ તા. ૦૯/૦૫/૨૦૨૪ ના સમજુતી કરારનું ખોટુ અર્થઘટન કરી ખોટી હકીકતો દાવા તથા મનાઈ અરજીના પેરા–જમાં નામદાર કોર્ટનો ગેરમાર્ગે દોરવા જણાવેલ છે વાદીઓ તથા પ્રતિવાદી નં–૯ ને સ. નં ૨૦૩/૩ પૈકીની જમીન પરત્વે કોઈ જ રકમ આપવાની બાકી નીકળતી નથી. સ.નં–૨૦૩/૩ પરત્વે પ્રતિવાદી નં–૪ સવજીભાઈ ભીમજીભાઈ પટેલના નામે યુનિયન બેંક મોડાસામાંથી લોન મેળવેલી જેના લાભાર્થી અને રકમનો ઉપયોગ પ્રતિવાદી નં–૯ નાએ કરેલો. જે મેળવેલ લાભપ્રતિવાદી નં–૯ એ પ્રતિવાદી નં–૪ ના લોન એકાઉન્ટમાં ભરપાયા કરવાના હોવાછતાં પ્રતિવાદી નં–૯ લોનની રકમ ભરતા ન હોઈ જે પ્રતિવાદીવાદી નં–૧ થી–૩ નાએ રૂ.૧૯,૮૩,૦૦૦/– અંકે રૂપિયા ઓગણીસ લાખ ત્ર્યાસી હજાર પુરા તા. ૧૩/૦૫/૨૦૨૪ ના રોજ યુનિયન બેંક મોડાસા શાખામાં ભરપાયા કરી બોજા મુકત કરાવેલ છે. જે રકમ તા. ૦૯/૦૫/૨૦૨૪ ના રોજ સમજુતી કરારની વેચાણ કિંમત પેટે સ્વભાવીક રીતે બાદ કરવાના અને વેચાણની રકમમાં મજરે આપવાનુ વાદીઓને પ્રતિવાદી નં–૯ સાથે નકકી થયેલુ જે હકીકત પણ

વાદીઓએ દાવામાં છુપાવેલ છે. અને ગેરલાભ મેળવવા માંગે છે. બાકી રહેતી રકમ તા. ૦૩/૧૨/૨૦૨૫ ના રોજ સંમતિ કરાર વાદીઓને પ્રતિવાદી નં-૯ નાએ મધ્યસ્થિઓ રૂબરૂ સંમતિ લેખમાં સહિઓ થયા બાદ સમાજની કચ્છ કડવા પાટીદાર વાડી મોડાસા મુકામે આવેલ ત્યાં રકમ આપી દેવામાં આવેલ છે પરંતુ તેઓના કહેવાથી સંમતિ લેખમાં રકમનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. વાદીઓના જણાવ્યા મુજબ બાકી રકમ પૈકીના કેટલીક રકમના ચેકો પ્રતિવાદીવાદી નં-૧ થી-૩ નાઓએ તા. ૦૯/૦૫/૨૦૨૪ ના વેચાણ કરાર મુજબની રકમ ચુકવવાના ભરોસા પેટે આપેલા જે અસલ ચેકો વાદી તેમજ પ્રતિવાદી નં-૯ નાએ તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજ સંમતિ લેખ કરી આપ્યો ત્યારે બાકીની રોકડ રકમ ચુકવી આપી અસલ ચેકો પ્રતિવાદીને પરત આપી દીધેલા.

(૨.૪) સ. નં ૨૦૩/૩ પરત્વે પ્રતિવાદી નં-૯ નો તેમજ વાદીઓનો કોઈ હકક અધિકાર માલીકી કબજો રહેલો નહી. જે વાદીઓ સારી રીતે જાણે છે.

(૨.૫) પ્રતિવાદીવાદી નં-૧ થી-૩ ના સ. નં-૨૦૩/૩ ની સમગ્ર જમીનના સંયુકત માલીક કબજેદાર બનેલા અને પ્રતિવાદી નં-૬ થી-૮ નાઓને તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ સ. નં ૨૦૩/૩ પૈકી હે.૦૨-૩૭-૮૦ ચો. મી. જમીન કાયદેસર રીતે રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટે સુપ્રત કરતાં વેચાણની નોંધ નં- ૩૬૨૪ તા. ૦૭/૦૧/૨૦૨૫ ના રોજ પડતાં વાદી નં-૧ અને પ્રતિવાદી નં-૯ નાએ વાંધા અરજી આપતાં તકરાર કેસ નં ૨૫/૨૦૨૫ થી નામદાર કલેકટરશ્રી મોડાસાની કોર્ટમાં કેસ ચાલતાં વાંધા અરજી ગ્રાહય રાખવામાં આવેલ નહી. અને વેચાણની નોંધ નં-૩૬૨૪ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨.૬) વાદીઓએ મૂળ નોંધ નં ૩૫૬૫નો તકરારી કેસ નં-૧૦૨/૨૦૨૪ ના ઠરાવ સ્વીકારી લીધેલ હોય તે બાબતે તા. ૦૩/૧૨/૨૦૨૪ના

રોજ તમામ જમીનો બાબતે તથા ઘર બાબતે સંમતિ લેખ કરી આપેલ હોવાછતાં ત્યારબાદ કોઈપણ જાતના કારણ તેમજ હકક અધિકારો વગર રેવન્યુ તથા આપ નામદાર કોર્ટમાં આભાસી હકીકતો જણાવી સાચી હકીકતો છુપાવી તમામ તકરારોનો નિકાલ કરેલ હોઈ અને કોઈ જ તકરાર કોઈ જ બાબતની બાકી રહેતી ન હોવાછતાં વાદીઓનો ઈરાદો માત્ર અને માત્ર પ્રતિવાદીઓ નં–૧ થી–૫ ના ભાઈ બહેનો તેમજ માતા–પિતા થતા હોઈ માનસીક ત્રાસ આપી પૈસા પડાવવાનો સ્પષ્ટ જણાય છે.

(૨.૭) પ્રતિવાદી –૯ ને સ. નં –૨૦૩/૩ ની જમીનમાં કાયદેસરનો હકક હિસ્સા મુજબની રકમ વાદીઓને મળેલ હોવાછતાં તેમજ પ્રતિવાદી નં–૯ ને અગાઉ પ્રતિવાદીવાદીઓ નં– ૧ થી–૫ ના ધ્વારા બીજી જમીનોમાંથી હકક કમી બાબતની નોંધ પડાવી આપી માલીક કબજેદાર બનાવેલ છે. જે હકીકત પણ વાદીઓએ છુપાવેલ છે. આ હકીકતો ઉલ્લેખ પણ તા. ૦૩/૧૨/૨૦૨૪ ના સંમતિ લેખમાં કરવામાં આવેલ છે.

(૨.૮) પ્રતિવાદી નં–૯ નાએ વાદીઓની હાજરીમાં તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજ કરી આપેલ સંમતિ લેખ બાબતે પણ મકાન નં–૫૦૭, રવીપુરા કંપાના કે જે આવેલ હોય જે પ્રતિવાદી નં–૩ ના નામે પંચાયત દફતરે કરી આપેલ સોગંદનામુ પણ સાથે સાથે કરી આપેલ.

(૨.૯) આમ, વાદીઓના દાવા તથા મનાઈ અરજીને તા. ૦૩/૧૨/૨૦૨૪ ના સંમતિ લેખના આધારે પણ દાવો તથા મનાઈ અરજી કરવા કોઈ જ કારણ રહેતું નથી અને હક અધિકાર પરવડતો નથી.

(૩) વાદીઓના દાવા તથા મનાઈ અરજીનો પ્રતિવાદી નં.૯નાઓએ આંક–૨૫થી જવાબ રજૂ કરેલ છે જે નીચે મુજબ છે:–

(૩.૧)પ્રતિવાદી નં.૯ વાદીઓના દાવા તથા મનાઈ અરજીનો જવાબ તથા પ્રતિવાદી નં.૧ થી ૮ ના જવાબનો ખુલાસો નીચે મુજબ કરેલ છે.

(૩.૨) આ કામના વાદીઓએ સદરહુ દાવો તથા મનાઈ અરજી કરેલ છે તે દાવા તથા મનાઈ અરજીની તમામ હકીકતો બરાબર અને ખરી હોવાનુ જણાવેલ છે.

(૩.૩)આ દાવાના કામે પ્રતિવાદીઓએ દાવા તથા મનાઈઅરજીનો જવાબ આપેલ છે તે જવાબની હકીકતો ખોટી, ઉપજાવી કાઢેલ તથા સત્યથી વેગળી હોઈ, તેમજ તેમના જવાબના પેરા નં. ૧ થી ૫ તથા ૭ થી પેરા નં.૨૨ ની હકીકતો પ્રતિવાદી નં.૯ તથા આ કામના વાદીઓ સાથે છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કરી તેમની મોજે ઇટાડી તેમજ ખડોદાની મિલકતના હક્કોને નુકશાન કરી નષ્ટ કરવાના બદઆશયથી જણાવેલ હોઈ, પ્રતિવાદી નં.૯ ને કબુલ મંજુર નથી.

(૩.૪)પ્રતિવાદી નં.૯ સાથે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ છળકપટ કરી, ગેરસમજ ઉભી કરી તેમના ભોળપણનો લાભ ઉઠાવી, છેતરપિંડીથી આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ રેવન્યુ રેકર્ડમાં હક્ક કમીની નોધ નં. ૩૫૬૫ તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ પડાવી ગેરકાયદેસરરીતે પ્રતિવાદી નં.૯ નું નામ રેવન્યુ રેકર્ડમાંથી કાઢવી નાખેલાની હકીકત ખરી છે. જે હક કમીની નોંધ પ્રમાણિત કરવાના હુકમ સામે રેવન્યુ કોર્ટમાં અપીલ/રીવીજન ચાલુ છે આ કામના પ્રતિવાદી નં.૧ થી નં.૫ નાઓએ મોજે ઈટાડી, તા.મોડાસાના સ.નં.૨૦૩/૩ ની પ્રતિવાદી નં.૯ ની ખેતીની જમીન પડાવી લેવાના બદઆશયથી આ કામના વાદીઓ તથા પ્રતિવાદી નં.૯ સાથે ફ્રોડ કરી તા.૦૯/૦૫/૨૦૨૪ નો દસ્તાવેજ સમજુતી કરારનો અમલ કર્યા સિવાય, આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ આ કામના વાદીઓ તથા પ્રતિવાદી નં.૯ સાથે છેતરપિંડી કરવાના બદઆશયથી તા.૦૯/૦૫/૨૦૨૪ ના સમજુતી કરારમાં જણાવેલ વિગતે પ્રતિવાદી નં.૯ ને લેવાની બાકી રકમ રૂ.૭૮,૩૫,૧૦૦/- અંકે

રૂપિયા ઈઠ્ઠોતેર લાખ પાંત્રીસ હજાર સો ની રકમ આપવી ન પડેલ તેવા બદઆશયથી તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજનો પક્ષકારો વચ્ચેનો કહેવતો સંમતી લેખ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ ના એ એકબીજાના મેળાપીપણામાં ઉભો કરેલ છે. પક્ષકારો વચ્ચે પ્રતિવાદીઓના દાવાના જવાબમાં જણાવ્યા મુજબનું કોઈ ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ થયેલાની હકીકત ખોટી તેમજ ઉપજાવી કાઢેલ હોઈ તેઓને કબુલ મંજુર નથી.

(૩.૫)ખરી હકીકત એવી છે કે મોજે ઇટાડી, તા.મોડાસાની દાવાવાળી જમીન સ.નં.૨૦૩/૩ ક્ષેત્રફળ હે.૨–૩૭–૮૦ આરે.ચો.મીની પ્રતિવાદી નં.૯ ના હિસ્સામાં આવેલ માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની વડીલોપાર્જીત જમીન છે. દાવાવાળી જમીનમાં આ કામના વાદીઓનું તથા પ્રતિવાદી નં.૯ નું સરખું હક હિત સમાયેલ છે. કારણ કે સદરહુ જમીન અમારી વડીલોપાર્જીત જમીન છે. ઉપરની વિગતે પ્રતિવાદી નં.૯ ના ભોળપણનો લાભ લઇ, છળકપટથી, તેમના હક હિત વિરુદ્ધ પ્રતિવાદી નં.૯ નું નામ સદરહુ સર્વે નં.૨૦૩/૩ વાળી જમીનમાંથી કમી કરાવી નાખવાની તેઓને જાણ થતાં તેઓએ હોબાળો કરતા તા.૦૯/૫/૨૦૨૪ ના રોજ ઘરમેળે વેચાણ દસ્તાવેજ સમજુતીનો કરાર પ્રતિવાદી નં.૯ તથા પ્રતિવાદીઓ પૈકી વચ્ચે થયેલ. અને જમીનની કિંમત નક્કી કરવામાં આવેલ.

(૩.૬)તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ પ્રતિવાદી નં.૯ તથા પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદીઓ વચ્ચે મોડાસાના નોટરીશ્રી એન.પી.બારોટ રૂબરૂ થયેલ વેચાણ દસ્તાવેજ સમજૂતી કરાર મુજબ મોજે ઇટાડી, તા.મોડાસા જી.અરવલ્લીના સ.નં.૨૦૩/૩ ક્ષેત્રફળ હે.૨–૩૭–૮૦ આરે.ચો.મીની પ્રતિવાદી નં.૯ ની હોવાનું પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ કબુલ કરી, સદરહું સ.નં.૨૦૩/૩ ની જમીનની એક વીઘાના રૂ.૧૪,૫૧,૦૦૦/– અંકે રૂપિયા ચૌદ લાખ એકાવન હજાર પુરા મળી કુલ કિંમત રૂ.૧,૪૪,૫૫,૧૦૦/– અંકે રૂપિયા એક કરોડ

ચુમાલીસ લાખ પંચાવન હજાર સો પુરા ની કિંમત કરી વેચાણ આપવાનું નક્કી કરેલ. તથા મોજે ખડોદા, તા.મોડાસાના રવીપુરા ગામે આવેલ ઘર નં.૫૦૭ વાળા ઘરની કિંમત રૂ.૬,૦૦,૦૦૦/- અંકે રૂપિયા છ લાખ પુરા મુજબ નક્કી કરી બંને ગામની મિલકતોની કિંમત રૂ.૧,૫૦,૫૫, ૧૦૦/- અંકે રૂપિયા એક કરોડ પચાસ લાખ પંચાવન હજાર સો પુરા નક્કી કરેલ. જે રકમ માંથી પ્રતિવાદી નં.૯ ના પિતા/માતા પ્રતિવાદી નં.૪, ૫ ને રૂ.૪૦,૦૦,૦૦૦/- આપવાના હતા તથા બાકી રહેતી રકમ રૂ. ૧,૧૦,૫૫,૧૦૦/- પ્રતિવાદી નં.૯ ને આપવાના હતા જે રકમ પૈકી પ્રતિવાદી વાદી નં.૯ ને રૂ.૨,૦૦,૦૦૦/-અંકે રૂપિયા બે લાખ તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ મળેલ જ્યારે રૂ. ૧૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બાર લાખ તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ ચેકથી તથા રૂ.૧૮,૨૦,૦૦૦/- અંકે રૂપિયા અઢાર લાખ વીસ હજાર તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ રોકડા મળી કુલ રૂ.૩૨,૨૦,૦૦૦/- અંકે રૂપિયા બત્રીસ લાખ વીસ હજાર પુરા પ્રતિવાદી નં.૯ ને વેચાણ અવેજની રકમ પેટે આ કામના પ્રતિવાદીઓ તરફથી મળેલ. હજુ પ્રતિવાદી નં.૯ ને રૂ.૭૮,૩૫, ૧૦૦/- અંકે રૂપિયા ઈઠ્ઠોતેર લાખ પાંત્રીસ હજાર સો પુરા પ્રતિવાદી નં.૧ થી ૫ પાસે લેવાના કરાર મુજબ બાકી પડે છે. તથા બાકી રકમ પૈકીની રકમની સિક્યોરીટી પેટે ત્રણ ચેક મધ્યસ્થીશ્રી જેઠાભાઈ જીવરાજભાઈ પટેલને મધ્યસ્થી તરીકે આપેલ. સદરહુ બાકી પડતી રકમ ચૂકતે થયેથી સદરહુ સિક્યુરીટી પેટે આપેલ ચેક મધ્યસ્થીએ પરત કરવાના હતા. જે ત્રણેય ચેકો હાલ જેઠાભાઈ જીવરાજભાઈ પટેલ અથવા તો આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ ની કસ્ટડીમાં છે. ઉપર જણાવેલ વિગતે વેચાણ અવેજની રકમ બાકી હોવા છતાં પ્રતિવાદી નં.૧ થી નં.૫ નાએ એકબીજાના મેળાપીપણામાં તેમની જાણ બહાર તા. ૦૭/૦૧/૨૦૨૫ ના રોજ સદરહુ દાવાવાળી જમીનની ખોટી કિંમત બતાવી પ્રતિવાદી નં.૬ થી નં.૮ નાને વેચાણ આપી દીધેલ છે.

ત્યારથી આ કામના પ્રતિવાદી નં.૧ થી ૮ નાઓ દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો છોડી દેવાની ધમકીઓ આપી રહેલ છે. તથા પ્રત્યક્ષ કબજો ન છોડીએ તો ખોટા તથા ગેરકાયદેસરના દસ્તાવેજ આધારે દાવાવાળી જમીનનો કબજો કાયદો હાથમાં લઇ પડાવી લઈશું તેવી સતત ધમકીઓ આપી રહેલ છે. જેથી તેમના પત્ની તથા બાળકોએ મનાઈ હુકમની દાદ સહીત આ દાવો ના.કોર્ટમાં દાખલ કરેલ છે.

(૩.૭)પ્રતિવાદીઓએ આ દાવાના તેમના લેખિત જવાબમાં જણાવેલ વિગતે જો તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજ પક્ષકારો વચ્ચે મોજે ઇટાડી, તા.મોડાસાના સ.નં.૨૦૩/૩ તેમજ રવિપુરા તેમજ ખડોદા મુકામે આવેલ ખેતીની જમીનો તેમજ અન્ય મિલકતો સબંધે કહેવાતું ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ થયેલ હોત તો, તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજના દસ્તાવેજ સમજુતી કરારમાં, પ્રતિવાદી નં.૯ ને પ્રતિવાદીઓ પાસેથી લેવાની બાકી રકમ રૂ.૭૮,૩૫,૧૦૦/- અંકે રૂપિયા ઈઠ્ઠોતેર લાખ પાંત્રીસ હજાર સો પુરા ચૂકવી દીધાની તેમજ આ કામના વાદીઓ તેમજ પ્રતિવાદી નં.૯ ની હાજરીમાં તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજના દસ્તાવેજ સમજુતી કરારમાં જણાવેલ સિક્યુરીટી પેટે આપેલ ત્રણ ચેકો, પ્રતિવાદીઓએ નષ્ટ કરી દીધેલાનો ઉલ્લેખ ચોક્કસ પણે કરેલ હોત.

(૩.૮)વળી તા.૦૯/૦૫/૨૦૨૪ ના દસ્તાવેજ સમજુતી કરારમાં જણાવેલ વિગતે પ્રતિવાદી નં.૧ થી ૫ તરફથી મોજે ઈટાડી, તા.મોડાસાના સ.નં.૨૦૩/૩ ના વેચાણ અવેજની રકમ પેટે ઉપરની વિગતે ત્રણ વખત ચેકથી તેમજ રોકડા ચૂકવેલ કુલ રૂ.૩૨,૨૦,૦૦૦/- અંકે રૂપિયા બત્રીસ લાખ વીસ હજાર પુરા તેમની પાસેથી પરત લીધા હોત તો તેનો કોઈ ઉલ્લેખ, પ્રતિવાદીઓએ તેમના દાવાના જવાબમાં જણાવેલ તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજના સંમતી કરારમાં કરેલ હોત. સદરહુ રૂ.૩૨,૨૦,૦૦૦/- અંકે રૂપિયા બત્રીસ લાખ વીસ હજાર પુરાનું શુ થયું તેનો ઉલ્લેખ સદરહુ કરારમાં નથી. "ગુજરાતીમાં

કહેવત છે કે ચોર ચોરી કરવા જાય પરંતુ પગેરું મૂકીને જાય" તેવો ઘાટ પ્રતિવાદીઓએ બનાવટ કરી ખોટી સમજણ આપી ઉભા કરેલ તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજના સંમતી કરારથી થયેલ છે. એક જુઠ છુપાવવા અનેક જુઠનો સહારો લેવો પડે તેવું પ્રતિવાદીઓના કેસમાં બનેલ છે. આમ આવી મોટી રકમ તેમજ સદરહુ ત્રણ ચેકોનો ઉલ્લેખ તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજના સંમતી કરારમાં કરેલ નથી તે હકીકત જ તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજનો સમજુતી કરાર થયેલ હોવા અંગે ઘણી શંકાઓ ઉભી કરે છે.

(૩.૯)ઉપરની વિગતે આજની તારીખે પણ પ્રતિવાદીઓ પાસેથી તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ મોડાસાના નોટરીશ્રી એન.પી.બારોટ રૂબરૂ થયેલ દસ્તાવેજ સમજુતી કરારમાં કરવામાં આવેલ ઉલ્લેખ મુજબ પ્રતિવાદી નં.૯ ને પ્રતિવાદી નં.૧ થી ૫ પાસેથી, મોજે ગામ ઇટાડી તા.મોડાસાના સ.નં.૨૦૩/૩ ની ખેતીની જમીનના અવેજ પેટે રૂ.૭૮,૩૫,૧૦૦/- અંકે રૂપિયા ઈકોતેર લાખ પાંત્રીસ હજાર સો પુરા લેવાના બાકી પડે છે. જે વેચાણ અવેજની રકમ પ્રતિવાદીઓએ આપ્યા વગર સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ તેમના હક્ક હિત વિરુદ્ધ પ્રતિવાદી નં.૬ થી ૮ ને કરી આપેલ હોઈ, સદરહુ વેચાણ દસ્તાવેજ બીનઅવેજી તથા પ્રતિવાદી નં.૯ ના હક્ક હિત વિરુદ્ધનો તેમજ ગેરકાયદેસરનો હોઈ આ કામના વાદીઓ સદરહુ બીનઅવેજી વેચાણ દસ્તાવેજ રદ કરાવવા આ દાવો કરેલ છે.

(૩.૧૦)આમ ઉપરની વિગતે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ પ્રતિવાદી નં.૯ સાથે છળકપટ કરી, છેતરપિંડી કરી મોજે ઇટાડી, તા.મોડાસાના સ.નં.૨૦૩/૩ ના રેવન્યુ રેકર્ડમાંથી પ્રતિવાદી નં.૯ નું નામ ગેરકાયદેસરરીતે કઢાવી નાખી, ખોટી રીતે સદરહુ સર્વે નંબરનો મોડાસા સબ રજીસ્ટર કચેરીના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૧૨૧/૨૦૨૫ તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ પ્રતિવાદી નં.૬ થી ૮ ને કરી આપેલ છે. જેથી આ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા તેમના

પત્ની વાદી નં.૧ તથા બાળકોએ ના.કોર્ટમાં આ દાવો દાખલ કરેલ છે. જે દાવા અરજીના પેરા નં.૮ માં માંગ્ય મુજબની દાદ આ કામના વાદીઓના લાભમાં મંજુર કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી. જેથી વાદીઓના દાવા તથા મનાઈ અરજીમાં માંગ્ય મુજબની દાદ મંજુર કરી સદરહુ મોડાસા સબ રજીસ્ટર કચેરીના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૧૨૧/૨૦૨૫ તા.૦૭/૦૧/૨૦૨૫ નો ખર્ચ સહીત રદ કરવાનો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૪) **વાદી નં. ૨ હિમ્મતભાઈ રમેશભાઈ પટેલનાઓ દ્વારા રજૂ કરવામાં આવેલ કાઉન્ટર એફીડેવીટ:–**

આ કામે વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો કરેલ છે. જે દાવાના કામે આંક–પની અરજીની તમામ હકીકતો બરાબર અને ખરી હોવાનું જણાવેલ છે.

આ દાવાના કામે પ્રતિવાદીઓએ દાવા તથા મનાઈઅરજીનો જવાબ આપેલ છે તે જવાબની હકીકતો ખોટી, ઉપજાવી કાઢેલ તથા સત્યથી વેગળી હોય વાદીઓને પ્રતિવાદીઓના લેખિત જવાબના પેરા નં.૧થી ૫ તથા ૭ થી પેરા નં ૨૨ ની હકીકતો વાદીઓ સાથે છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કરી વાદીઓના મિલકતના હકકો નુકશાન કરી નષ્ટ કરવાના બદઆશયથી જણાવેલ હોય, વાદીઓને તે કબુલ મંજુર નથી. આમ, ઉપરોકત વાદી નં. ૨ દ્વારા આંક–૨૮થી રજૂ કરવામાં આવેલ કાઉન્ટર એફીડેવીટની તમામ હકીકતોને ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ વાદી તથા પ્રતિવાદીઓના વિ.વ.શ્રીઓ દ્વારા ધારદાર દલીલો રજૂ કરવામાં આવેલ છે જે તમામ હકીકતોને ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે. તથા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદ્દા ::

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું સગવડની સમતુલા વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાનો સંભવ છે?

(૪) શું હુકમ?

ઉપરોકત મુદ્દાઓના કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં..

(૨) નકારમાં..

(૩) નકારમાં..

(૪) આખરી હુકમ મુજબ.

(૬) **અવલોકન તથા નિર્ણય:**–

આ કામે મુદ્દા નં. ૧ થી ૩ પરસ્પર સંકળાયેલા હોય તેથી તેઓની ચર્ચા સંયુકત રીતે કરવામા આવેલ છે.

આ કામે વચગાળાની મનાઈ હુકમની અરજીની બાબતો ધ્યાને લઈએ તો આ અરજી મંજુર કરવી કે નામંજુર કરવી તે કોર્ટના વિવેકઅધિકાર પર છે અને આ અરજીની નીર્ણીત કરતી વખતે વાદીનો પ્રાયમાફેસી કેસ હોવો જોઈએ તે મહત્વનુ છે. સાથેસાથે આ કામે કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ (૧) (૨) અને કલમ–૧૫૧ ની જોગવાઈઓ નીચે મુજબ છે.

સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ (૧) (૨)

The original Rule 1 of Order 39 enables the Court to grant a temporary injunction in the cases specified in Clauses (a) and (b). Rule 2 of Order 39 enables the Court to grant a temporary injunction to restrain the defendant from committing the breach of a contract or other injury of any kind.

કલમ–૧૫૧

This section **deals with the saving of inherent powers of Court.** It states that nothing in this Code shall be deemed to limit or otherwise affect the inherent power of the Court to make such orders as may be necessary for the ends of justice or to prevent abuse of the process of the Court.

આમ, ઉપરોકત મુજબની હકીકત વાદીની તરફેણમા હોય તો તેઓને કોર્ટના વિવેકઅધિકારનો લાભ મળી શકે તેવુ મારુ માનવુ થાય છે.

આ કામે આ કેસની હકીકત અન્વયે જોઈએ તો વાદીપક્ષ દ્વારા જે પોતાની વચગાળાની અરજીમા કરવામા આવેલ છે તે વાદીના મુળ દાવા અરજી ધ્યાને લેવામા આવે તો કેન્સલેશન ઓફ રજીસ્ટર સેલડીડ તથા ડેકલેરેશન તેમજ કાયમી મનાઈ હુકમ અંગેનો દાવો દાખલ કરી આ વચગાળાની દાદ મેળવતી અરજી કરવામા આવેલ છે.

(૬.૧)આ કામે વચગાળાની અરજી, વાંધા જવાબ તેમજ રજુ દસ્તાવેજો અને દલીલો ધ્યાને લેવામા આવેલ છે. સાથેસાથે સ્થાપિત સિધ્ધાંતોને

ધ્યાને લેતા વાદીપક્ષે પોતાનો કેસ પ્રથમ દર્શનીય રીતે, નાંણામા માપી ન શકાય તે મુજબનો છે અને સમતુલા પોતાના તરફેણમા હોય તે સાબીત કરવી જોઈએ.

(૬.૨) આ કામે જયારે વાદી પોતાનો પક્ષ લઈને આવ્યા હોય ત્યારે તેઓના પ્રાયમાફેસી કેસ કઈ રીતે છે તે સાબીત કરવુ જોઈએ. તેવી જ રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોશ પણ પ્રસ્થાપિત કરવા જોઈએ. જો પ્રાયમાફેસી કેસ હોય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોશ વાદીપક્ષે ન હોય તો પણ આ વચગાળાની દાદ ન મળી શકે. આ સિધ્ધાંતો ધ્યાને લઈ નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા તેમના વિવિધ ઠરાવોમા ઠરાવવામા આવેલ છે કે જયારે સ્પેશીફીક રીલીફ એકટ અન્વયે આ દાદ માગવામા આવતી હોય ત્યારે તે સબંધેનુ વર્ણન ચોકકસ અને સ્પષ્ટ રીતે વર્ણવુ જોઈએ. તે સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો વચગાળાની મનાઈ હુકમ અરજી ધ્યાને લેવામાં આવે તો તેઓના તેમની અરજીમાં તેઓનો પ્રાઈમાફેસી કેસ કઈ રીતે છે તેવુ સ્પષ્ટપણે વર્ણવેલ છે તેવી જ રીતે આ વચવાળાની અરજીના પેરા ૬ માં માત્ર તેઓએ જણાવે છે કે માગ્યા મુજબની દાદ મંજૂર કરવામાં ન આવે તો વાદીના હકને ભારે અને પારાવાર નુકશાન થાય એમ છે જેનો બદલો નાણાકીય રીતે કે અન્ય રીતે વળી શકે તેમ નથી તેવુ જણાવેલ છે, પરંતુ વાદી પક્ષનો આ પ્રાઈમાફેસી કેસ કઈ રીતે છે, પારાવાર નુકશાન કઈ રીતે જાય એમ છે અને નાણા કે અન્ય રીતે વળી શકે તેમ નથી તેવી

કોઈ હકિકત તેઓની વચગાળાની અરજીમાં સ્પષ્ટપણે વર્ણવેલી નથી. જે ધ્યાને લીધેલ છે.

(૬.૩)વધુમાં આ કામે જોઈએ તો સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈ ૩૪ અન્વયે જોઈએ તો વાદીઓને મિલકતમાં હકક છે કે કેમ અને તેઓનું ટાઈટલ છે કે કેમ તે ઘ્યાને લેવુ જોઈએ. આ અન્વયે સ્પેશીફીક રીલીફ એકટ કલમ ૩૪ ઘ્યાને લઈએ તો જે નીચે મુજબ છે.

સ્પેસિફિક રિલીફ એક્ટ, ૧૯૬૩ (Specific Relief Act, 1963) ની કલમ ૩૪

સ્થિતિ અથવા હકના ઘોષણાત્મક દાવો સાથે સંબંધિત છે. આ કલમ મુજબ, જો કોઈ વ્યક્તિ કાયદાકીય સ્થિતિ કે મિલકતના હકનો ઈનકાર કરનાર વ્યક્તિ સામે દાવો કરે, તો કોર્ટ આ હકને મંજૂર કરતી ઘોષણા કરી શકે છે, જો કે વાદી વધુ રાહત ન માગી શકે.

કલમ ૩૪ – સ્થિતિ અથવા હકના ઘોષણા (Declaration) અંગેનો દાવો

1. **ઘોષણાત્મક દાવો:** કોઈપણ વ્યક્તિ, જે કાયદાકીય સ્થિતિ અથવા મિલકતના કોઈપણ હક માટે હકદાર હોય, તે એવી વ્યક્તિ વિરુદ્ધ દાવો દાખલ કરી શકે છે જે આવી સ્થિતિ કે હકનો ઈનકાર કરે છે (અથવા ઈનકાર કરવામાં રસ ધરાવે છે).
2. **કોર્ટની વિવેકબુદ્ધિ (Discretion):** કોર્ટ આવી ઘોષણા કરી શકે છે કે વાદી તે હક માટે હકદાર છે.
3. **વધુ રાહત વગર:** વાદીએ આ દાવામાં કોઈ વધુ રાહત માંગવાની જરૂર નથી.
4. **પરંતુ (Proviso):** જો કોઈ વાદી માત્ર ઘોષણા ઉપરાંત પણ વધુ રાહત માંગી શકે તેમ હોય અને તેમ ન કરે, તો કોર્ટ આવી ઘોષણા કરશે નહીં.

સ્પષ્ટીકરણ: મિલકતનો ટ્રસ્ટી એવી વ્યક્તિના હકને નકારવામાં રસ ધરાવતી વ્યક્તિ ગણાય છે, જે અત્યારે અસ્તિત્વમાં નથી પરંતુ ભવિષ્યમાં અસ્તિત્વમાં આવી શકે છે.

જે વ્યક્તિના મિલકતના હક પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હોય, તે વ્યક્તિ કોર્ટમાં કલમ ૩૪ હેઠળ દાવો કરીને પોતાના હક પર "ઘોષણાત્મક હુકમનામું" મેળવી શકે છે.

(૬.૪)આ કામે ઉપરોકત જોગવાઈ મુજબ તથા વાદીની મુળ દાવા અરજી ધ્યાને લેવામાં આવે તો તેના પાના નં ૩ તેમજ આ વચગાળાની અરજીના પાના ૩ જોઈએ તો ''હકિકતે સદરહુ જમીન અમો વાદીઓના પતિ/પિતા તથા તેમના ભાઈઓ વચ્ચે કૌટુંબિક વહેચણી થતા સર્વે નં. ૨૦૩/૦૦૩ વાળી જમીન પ્રતિવાદી નં ૪ના હીસ્સે આવેલી તે પછી પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓએ એકબીજાના મેળાપીપણામાં અમો વાદીઓના પતિ/પિતા સાથે છળકપટ કરી, ગેરસમજ કરી, તેમના ભોળપણનો લાભ લઈ છેતરપીંડીથી અમારા પતિ/પિતા પ્રતિવાદી નં. ૯ તથા પ્રતિવાદી નં. ૪,૫ ના નામો સદરહુ જમીનના રેકર્ડમાંથી કઢાવી નાખેલ છે, જે હકક કમીની નોંધ મોજે ઈટાડી, તાલુકો મોડાસા ગામ નમુનો નં.૬ નોંધ નં ૩૫૬૫, તા.૧૩/૦૫/૨૪થી પડેલ છે આ અન્વયે જોઈએ તો જે વ્યવહાર થયેલ છે તે પ્રતિવાદી નં. ૯ સાથેનો વ્યવહાર હોય ખરેખર આ દાવો પ્રતિવાદી નં. ૯ ધ્વારા લાવી શકયા હોત, પરંતુ તેઓ ધ્વારા આ દાવો લાવેલ નથી ત્યારે પ્રથમ વાદીઓનું ટાઈટલ હોય કે હકક હોય તે અત્યારના તબકકે પ્રસ્થાપિત કરી શકતા નથી.

(૬.૫)વધુમાં જોઈએ તો, આ કામે પ્રતિવાદી નં. ૯ દ્વારા કે જે વાદીઓના પતિ/પિતા થતા હોય તેઓ દ્વારા પોતાનું નામ આ વાદવાળી મિલકતમાંથી માર્ક ૪/૧૮થી કમી કરાવેલ છે અને આ કામે પ્રતિવાદી પક્ષ દ્વારા માર્ક ૧૮/૯ ધ્યાને લેવામાં આવે તો આ કામના પ્રતિવાદી નં. ૯ કે જે વાદીઓના પતિ/પિતા થતા હોય તેઓએ હકક કમી અંગેનું સોગંદનામુ કરેલ છે અને સાક્ષી તરીકે આ કામના વાદી નં ૨ હિંમતભાઈ રમેશભાઈ પટેલ કે જે પ્રતિવાદી નં ૯ના પુત્ર થતા હોય તેઓની સહી છે. ત્યારે આ કામે વાદીપક્ષેની રજૂઆતોને પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓ દ્વારા વાદીઓના પતિ/પીતા સાથે છળકપટ કરી, ગેરસમજ ઉભી કરી, તેમના ભોળપણનો લાભ લઈ છેતરપીંડીથી પતિ/પિતા પ્રતિવાદી નં ૯ તથા પ્રતિવાદી નં ૪,૫ના નામો સદરહુ નામો કઢાવી નાખેલ છે તે પ્રથમદર્શનીય રીતે ટકી શકે તેમ જણાતુ નથી.

આ કામે ઉપરોકત હકિકત જોઈએ તો વાદીઓ તથા પ્રતિવાદી નં.૯ના એકબીજાના મેળાપીપણામાં આવેલા હોય તેવુ જણાઈ આવે છે.

(૬.૬)વધુમાં આ કામે આંક–૨૫થી પ્રતિવાદી નં ૯ દ્વારા જે જવાબ રજૂ કરવામાં આવેલો છે તે ધ્યાને લેવામા આવે તો પ્રતિવાદી દ્વારા વાદીઓની હકિકતોને સમર્થન કરતા પોતાનો જવાબ રજૂ કરેલ છે ત્યારે પણ વાદીઓ તથા પ્રતિવાદી નં. ૯ એકબીજાના મેળાપીપણામાં દાવો દાખલ કરેલ હોય અને તેના અનુસંધાને આ વચગાળાની અરજી આપેલી હોય તે ધ્યાને લેતા વાદીઓ કલીન હેન્ડ સાથે આવેલા ન હોય તેવુ પ્રથમદર્શનીય જણાય છે. આમ, આ કામે સમગ્ર હકિકત

ધ્યાને લઈએ તો વાદીપક્ષ પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો હોય તેવુ રેકર્ડ પર નથી કે વાદીપક્ષે આ અંગે સવિસ્તૃત તેઓની વચગાળાની અરજીમાં જણાવેલ નથી તેથી મુદૃા નં. ૧નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૬.૭)જયારે મુદૃા નં ર અન્વયે જોઈએ તો બેલેન્સ ઓફ કનવીનીયન્સ અંગે વાદીપક્ષે તેમની આ વચગાળાની અરજીમાં કોઈ સવિસ્તૃત હકિકતો વર્ણવેલ નથી. સાથે–સાથે ઉપરોકત ચર્ચા કર્યા અંગે વાદીઓનો પ્રાઈમાફેસી કેસ ન હોય ત્યારે બેલેન્સ ઓફ કન્વીનીયન્સનો લાભ પણ વાદીને મળી ન શકે. ત્યારે મુદૃા નં. રનો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૬.૮)જયારે મુદૃા નં ૩ જોઈએ તો નાણામાં ન માપી શકાય તેવુ નુકશાન વાદીઓને થઈ રહયુ છે તેવી કોઈ હકિકત તેઓની આ વચગાળાની અરજીમાં સવિસ્તૃત જણાવેલ નથી અને જે નાણાકીય બાબતોની હકિકત આ વચગાળાની અરજીના પારા ૪માં વર્ણવવામાં આવેલી છે તે જોઈએ તો તે વ્યવહાર વાદીઓ સાથેનો ન હોય તે પ્રતિવાદી નં ૯ સાથેનો છે. અને સમગ્ર હકિકત જોઈએ તો તે નાણા સંબંધની હોય તે અન્વયે પણ વાદીઓને નાણામાં ન માપી શકાય તેવુ નુકશાન જણાઈ આવતુ નથી. તેમજ આ કામે સમગ્ર હકિકતો ધ્યાને લેવામાં આવે તો નાણાકીય વ્યવહારો તથા દસ્તાવેજો બાબતની હકિકતો પુરાવાકીય હકિકતો હોય ત્યારે મુદૃા નં. ૩નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

આમ, ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ **નકારમા** આપવામા આવે છે. જયારે મુદ્દા નં. ૪ નો જવાબ અન્વયે નીચે મુજબ આપવામા આવે છે.

<u>–:: હુ ક મ::–</u>

(૧) વાદીઓની આ સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ (૧)(ર) તથા કલમ–૧પ મુજબની વચગાળાની મનાઈ અરજી આથી નામંજુર કરવામા આવે છે.

(૨) આ વચગાળાની અરજીનો ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૪/૦૩/૨૦૨૬
સ્થળ:મોડાસા

S.J.RATHOD (PA)

(પી.ડી.જેઠવા)
એડી.સિનિ. સિવિલ જજ, મોડાસા.
(કોડ નં.જીજે.૦૦૯૦૧)